ટેકરાવાલા સ્કૂલ પાસે નંબર પ્લેટ વગરની પૂરપાટ દોડતી સ્કોર્પિયોનો આતંક

મોડી રાત્રે સ્કોર્પિયોએ 12 વાહન ઉડાવ્યાં

ઓલપાડ તાલુકા પંચાયતના ચેરમેનના નબીરા પુત્રએ બે કાર વચ્ચે રેસ લગાડ્યાની ચર્ચા

પોલીસે મોડી રાત્રે નબીરા અને તેના સાથીને પકડ્યા પરંતુ મોડે સુધી ગુનો નોંધ્યો નથી

કારમાં સવાર બે ફરાર, બેને સ્થાનિકોએ પકડી લીધા

સુરત : અડાજણમાં પ્રાઈમ આર્કેડથી પાલનપુર પાટિયા તરફ જતાં રસ્તા પર રાત્રિના સમયે ઓલપાડ તાલુકા પંચાયતના એક કમિટીના મહિલા ચેરમેનના પુત્રએ બીજી કાર સાથે રેસ લગાડીને અનેક વાહનોને અડફેટે લેતાં અફરાતફરી મચી ગઈ હતી.રેસમાં બ્લેક કલરની નંબર પ્લેટ વગરની સ્કોર્પિયોએ એક પછી એક અંદાજે 10થી 15 વાહનોને ટક્કર મારી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ હોવાની માહિતી સામે આવી નથી. જોકે, ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. પાલનપુર પાટિયા રોડ પર રાત્રિના સમયે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. નંબર પ્લેટ વગરની કાર દ્વારા આટલાં વાહનોને અડફેટે લેવાની ઘટના સામે આવતાં વાહનચાલકોની સુરક્ષા અને ટ્રાફિક નિયમોના પાલન સામે પણ સવાલો ઊભા થયા છે. સમગ્ર ઘટનામાં ખરેખર બે કાર વચ્ચે રેસ ચાલી રહી હતી કે કેમ, સ્કોર્પિયો કોણ ચલાવી રહ્યું હતું અને વાહન પર નંબર પ્લેટ કેમ નહોતી, તે સહિતની બાબતો તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. અડાજણ પોલીસ ઘટનાસ્થળે દોડી જઈને બે કારના ચાર સવારો પૈકી બેને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જેમાં બે પૈકી એક ઓલપાડ તાલુકા પંચાયતમાં એક કમિટી ચેરમેનનો પુત્ર હોવાની વિગતો બહાર આવી હતી. હવે જોવું રહ્યું કે પોલીસ આ રાજકીય વગ ધરાવનાર સામે ગુનો નોંધે છે કે કેમ?

લોકો દિવાળીની ખરીદી કરી રહ્યા હતા ત્યારે જ ઘટના બની

સુરતઃ દિવાળીના તહેવારને લઈને બજારમાં ખરીદી કરવા માટે લોકોની ભીડ ઉમટી રહી હતી, ત્યારે કાળા રંગની સ્કોર્પિયો કારે અચાનક પૂરઝડપે આવીને ત્યાં પાર્ક કરેલાં 10થી 15 વાહનોને અડફેટે લેતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. મનુભાઈના જણાવ્યા મુજબ, કારચાલકોએ કોઈ નશીલા પદાર્થનું સેવન કર્યું હોય તેવી આશંકા તેમને થઈ હતી. ઘટના બાદ સ્થળ પર લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. કારમાં સવાર ચાર લોકો પૈકી બેને લોકોએ પકડી પાડ્યા હતા, જ્યારે અન્ય બે લોકો ત્યાંથી નાસી છૂટ્યા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં ભારે હોબાળો મચ્યો હતો. કારચાલકો નશાની હાલતમાં હતા કે કેમ અને વાહનોને થયેલા નુકસાન અંગેની સત્તાવાર વિગતો હજી સ્પષ્ટ થઈ નથી.

> **આંખના પલકારામાં જ વાહનો ઉડાવી દીધા**
>
> આ અંગે સ્થાનિક રહેવાસી મનુભાઈએ જણાવ્યું હતું કે લોકો પરિવાર સાથે દિવાળીની ખરીદી કરવા માટે આવ્યા હતા. તે દરમિયાન કાળા રંગની સ્કોર્પિયો કાર પૂરઝડપે આવી હતી અને ત્યાં ઊભેલાં 10થી 15 વાહનોને ટક્કર મારી હતી.
>
> **મનુભાઇ - પ્રત્યક્ષદર્શી**

બેફામ કાર ચલાવનાર રાજકારણીના નબીરાને બચાવવા નેતાઓ દોડી ગયા

પોલીસે પકડેલા બે પૈકી એક ઓલપાડ ભાજપમાં અગ્રણી અને તાલુકા પંચાયતમાં કમિટી ચેરમેને હોવાની વિગતો બહાર આવતા રાજકીય નેતાઓ આ રાજકારણીના નબીરાને બચાવવા માટે પોલીસ મથકે દોડી ગયા હતા.

દિલીપ સંઘાણીનો આજે અબ્રામામાં સન્માન સમારોહ, પાટીદારોમાં વમળો

દિલીપ સંઘાણીના સન્માન પાછળ અનેક રાજકીય ગણિત હોવાની સૌરાષ્ટ્રવાસીઓમાં ચર્ચા

દિલીપ સંઘાણીના બુધવારના કાર્યક્રમમાં રમણજાની, ભજીયાવાળા, ચપટવાલા સહિતના જૂના જોગીઓની સૂચક હાજરી

દિલીપ સંઘાણી 'આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ'ની મહાસભામાં ૧૦૮ દેશોમાંથી વર્ષ ૨૦૩૦ સુધીના કાર્યકાળ માટે 'ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ' તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તેમના માનમાં 'કમળ યુવા શક્તિ સંઘ'ના નેજા હેઠળ ભવ્ય સ્નેહમિલન તથા અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂના નેતાઓએ આ પ્રસંગે દિલીપ સંઘાણી સાથે જૂના સંઘર્ષના દિવસો વાગોળ્યા હતા. દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે, "પદ હોય કે ન હોય, કોઈ પણ વ્યક્તિગત લાલસા વિના પક્ષની વિચારધારાને વરેલા નિઃસ્વાર્થ કાર્યકર્તાઓ જ સંગઠનની સાચી મૂડી છે." આ કાર્યક્રમમાં પૂર્વ શહેર ભાજપ પ્રમુખ નીતિન ભજીયાવાલા, APMCના પૂર્વ ચેરમેન રમણ પટેલ (જાની) અને પૂર્વ ધારાસભ્ય ભાવનાબેન ચપટવાલા સહિતના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સુરતઃ ઇફ્કો અને ગુજકોમાસોલના ચેરમેન તથા સહકારી ક્ષેત્રના કદાવર અગ્રણી દિલીપ સંઘાણી માટે આવતીકાલે અબ્રામા ખાતેના ગોકુલધામમાં સન્માન સમારોહ યોજવામાં આવતાં રાજકીય હલચલ મચી છે અને અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.

કોર્પોરેટર બાબુ જીરાવાલાની આગેવાની હેઠળ યોજનારા આ કાર્યક્રમમાં સુરતના તમામ સૌરાષ્ટ્રવાસી ધારાસભ્યો અને સંગઠનના અગ્રણીઓને ખાસ આમંત્રણ અપાયું છે. આ સમારોહમાં રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયા, ધારાસભ્યો વિનોદ મોરડીયા, પ્રવિણ ઘોઘારી, કાંતિ બલર અને કુમાર કાનાણી ઉપરાંત શહેર ભાજપ મહામંત્રી કરશન ગોંડલીયા, વોર્ડ નં.૪ (કાપોદ્રા) ના તમામ કોર્પોરેટરો અને સ્થાનિક સંગઠનના આગેવાનો હાજર રહેશે. જોકે, આયોજક બાબુ જીરાવાલાએ જણાવ્યું હતું કે, દિલીપ સંઘાણી સાથે જૂના પારિવારિક સંબંધો હોવાથી આત્મીય ભાવે જ આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

સામાન્ય સભામાં પીવાના પાણીના કકળાટ વચ્ચે સ્થિતિ 'જૈસે થે'

અડાજણમાં પીળા રંગનું દુર્ગંધયુક્ત પાણી આવતાં સ્થાનિકોમાં રોષ

અડાજણ કોળી મહોલ્લામાં એક બાળકીને દૂષિત પાણીના કારણે ચામડી પર અસર થયાની ચર્ચાથી તંત્ર દોડતું થયું

સુરત : સ્માર્ટ સિટી સુરત શહેરમાં અડાજણનાં અલગ - અલગ વિસ્તારોમાં પીળા કલરનું દુર્ગંધયુક્ત પાણી આવતાં નાગરિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. શિયાળાનાં સમયમાં જો આ સ્થિતિ સર્જાઈ રહી છે તો ઉનાળાનાં સમયમાં પીવાના પાણીની ગુણવત્તા વધુ કથળે તેવો આક્ષેપ પણ નાગરિકો હવે કરી રહ્યા છે. દરમિયાન અડાજણ કોળી મહોલ્લામાં એક બાળકીને દૂષિત પાણીના કારણે ચામડી પર અસર થયાની ચર્ચાથી તંત્ર દોડતું થયું

સુરત મહાનગર પાલિકાની ગતરોજ મળેલી સામાન્ય સભામાં કોર્પોરેટર વ્રજેશ ઉનડકટ દ્વારા શહેરમાં પીવાના પાણીની સમસ્યાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. છતાં પણ વહીવટી તંત્ર પણ આ સમગ્ર સમસ્યા અંગે કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ જણાઈ રહ્યું છે અને આટઆટલી સમસ્યાઓ બાદ પણ પીવાના પાણીની ગુણવત્તા અંગે કોઈ ખાસ તકેદારી રાખવાને બદલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાનાં આક્ષેપો ઉઠવા પામ્યા છે.

જી.ડી. ગોએન્કા સ્કૂલમાં ૭૯ નવીન પ્રોજેક્ટ્સ સાથે ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓનો સંગમ થશે

સુરત : શિક્ષણને પ્રયોગ, સર્જનાત્મકતા અને જીવનના વ્યવહારુ અનુભવ સાથે જોડવાના હેતુથી જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા ૩૧ ઓક્ટોબરે સાંજે ૭ વાગ્યે આશીર્વાદ એસ્ટેટ ખાતે 'ગોએન્કન એક્સ્પો-૪ : લર્નિંગ ફોર લાઇફ'નું આયોજન કરવામાં આવ્યું છે.

૭૦૦થી વધુ વિદ્યાર્થીઓની સહભાગિતા અને ૭૯ નવીન પ્રોજેક્ટ્સ સાથે યોજાનારો આ એક્સ્પો વિજ્ઞાન, કલા, ટેક્નોલોજી અને ભારતીય સંસ્કૃતિનો અનોખો સંગમ બનશે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સાંસદ પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેશે. વિશિષ્ટ અતિથિઓમાં ઉકા તરસાડિયા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને ઇસરોમાં સેવા આપી ચૂકેલા વૈજ્ઞાનિક ડો. યોગેશ પી. કોસ્ટા, કાઉન્સેલર રશ્મિ ઝા તથા મેનેજમેન્ટમાં પીએચ.ડી. ધરાવતા ડો. હેમલતા અગ્રવાલ સામેલ થશે. એક્સ્પોમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ટેક્નોલોજી અને જીવનોપયોગી શિક્ષણ આધારિત ૭૯ પ્રોજેક્ટ્સ રજૂ કરશે.

ભારતનાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ દર્શાવતી 'સ્ટેટ રિજનલ ડાન્સ પરેડ', સંગીતમય પ્રસ્તુતિઓ, લાઇવ આર્ટ વર્ક અને વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ફૂડ કાર્નિવલ મુખ્ય આકર્ષણ રહેશે.

ચોપાટી પાસે મેટ્રોના કોન્ટ્રાક્ટરોએ ડ્રેનેજ લાઈન તોડતાં ગટર ઉભરાઈ

છેલ્લા 12 દિવસથી દુર્ગંધની સમસ્યાથી સ્થાનિકો અને વેપારીઓ ત્રસ્ત

બુધવારે રાત્રે લાઇનનું સમારકામ પૂર્ણ કરાશે: મેટ્રોના અધિકારી

સુરતઃ અઠવાગેટ ખાતે ચોપાટીના મુખ્ય ગેટની બહાર હાલમાં મેટ્રો રેલના કોન્ટ્રાક્ટરોએ અચાનક ડ્રેનેજ લાઈનમાં ભંગાણ કરતાં છેલ્લા 12 દિવસથી ચોપાટીના ગેટની બહાર ગટરના ગંદા પાણીનો ભારે ભરાવો થઈ રહ્યો છે. રોડ પર ગંદા પાણી એકત્રિત થવાના કારણે વિસ્તારમાં અત્યંત અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના લીધે ગાર્ડનમાં સવાર-સાંજ વોક અને મનોરંજન માટે આવતા મુલાકાતીઓ તેમજ નાગરિકો ભારે હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

ગટરના પાણીના ભરાવા અને દુર્ગંધની ગંભીર સમસ્યાને પગલે સ્થાનિક દુકાનદારો અને વેપારીઓ દ્વારા આ મામલે મેટ્રો રેલના જવાબદાર અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

આ અંગે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) ના સત્તાવાર અધિકારીઓએ જણાવ્યું હતું કે, અગાઉ પણ જીએમઆરસી દ્વારા આ લાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ ટેકનિકલ કારણોસર ફરીવાર લીકેજ સર્જાયું હતું. જોકે, અધિકારીઓએ ખાતરી આપી છે કે બુધવારે રાત્રે જ જીએમઆરસીની ટીમ દ્વારા આ ડ્રેનેજ લાઈનનું કામચલાઉ અને કાયમી રિપેરિંગ પૂર્ણ કરી દેવામાં આવશે,

PMLAના આરોપીને લાજપોર જેલમાં ખસેડવા ઈડી કોર્ટનો આદેશ

સુરતઃ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ PMLA કેસના આરોપી મહેશકુમાર મફતલાલ દેસાઈને સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં ખસેડવાનો આદેશ સુરતની ઈડી કોર્ટે આપ્યો હતો. PMLA કેસ અમદાવાદથી સુરત ટ્રાન્સફર થયા બાદ આરોપીએ જેલ બદલવા માટે અરજી કરી હતી. કોર્ટે આ અરજી મંજૂર કરીને જેલના મહાનિરીક્ષક (IG)ને જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. આરોપી સામે અગાઉ અમદાવાદમાં PMLAની કાર્યવાહી ચાલી રહી હોવાથી તેમને સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાંથી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ કેસ અમદાવાદથી સુરતની ઈડી કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

સચિન ખાતે 'સૂરમયી સફર' કાર્યક્રમ યોજાયો

સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન સુરત દ્વારા 'સુરમયી સફર' કાર્યક્રમનું આયોજન સિનિયર સિટિઝન્સ વેલ્ફેર ટ્રસ્ટ, સચિનના વરિષ્ઠ નાગરિકો સાથે કનકપુર કોમ્યુનિટી હોલ , સચીન ખાતે કરાયું હતું. પ્રાર્થના લાલજી બારોટ, આવકાર સંસ્થાના પ્રમુખ બહાદુરસિંહ સોલંકી દ્વારા અપાયો હતો. તબીબો દ્વારા વિવિધ રોગ વિશે માહિતી આપવામાં આવી હતી. ડો.જયેશ તમાકુવાલા, ડો. સંજય શાહ, ડો હરેશ ભાવસાર, ડો.દીપક ઇલા- તોરાવાલા તેમજ ડો.જયેન્દ્ર- પારુલ કાપડિયાએ ગીતો રજૂ કર્યા હતા. સંચાલન ડો. જયેન્દ્ર કાપડીયા, સંકલન ડો. દિપક તોરાવાલા દ્વારા કરાયું હતું. જહેમત પ્રકાશ ભાવસાર અને ટીમે ઉઠાવી હતી.

જન સેવા સંઘ દ્વારા આદિવાસી વિસ્તારમાં વસ્ત્રદાન

સુરતઃ સલાબતપુરા, મેઈન રોડ પર કાર્યરત જન સેવા સંઘ દ્વારા માંડવી તાલુકાના કરૂઠા ગામ ખાતે બાળકો,મહિલાઓ અને પુરૂષો માંટે વસ્ત્રદાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગામના અશોકભાઈ ચૌધરી દ્વારા ચલાવાતા ' આનંદ વન ' છાત્રાલયના ૨૩૬ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પાણીની બોટલ આપવામા આવી હતી.અને તમામ બાળકો અને વાલીઓને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ પ્રમુખ કિરીટ મેઘાવાલા, ઉપપ્રમુખ બિપીન લાકડાવાલા, ખજાનચી અનિલ ડાકોરીયા, સહ ખજાનચી અજય ડાકોરીયા, પ્રવૃત્તિ મંત્રી અશોક રાંદેરી, કાર્યાલય મંત્રી અનિલ તાલિયા અને કારોબારી સભ્યો નંદકિશોર જરીવાલા, કિશોર વાઈવાલા, અશોક જરીવાલા, મહેશ જરીવાલાના હસ્તે કરાયું હતું. સંચાલન સંચાલન આશ્રમના સંચાલક અશોકભાઈ ચૌધરીએ કર્યું હતું.

સ્ટીમહાઉસ ઇન્ડિયાના હરિયાણા સરકાર સાથે રૂ.500 કરોડના MoU

સુરતઃ સુરત સ્થિત સ્ટીમહાઉસ ઇન્ડિયા લિમિટેડે હરિયાણામાં રૂ.500 કરોડના સંભવિત રોકાણ સાથે ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની તકો ચકાસવા હરિયાણા એન્ટરપ્રાઇઝિસ પ્રમોશન સેન્ટર સાથે 27 ઓક્ટોબરે સમજૂતી કરાર કર્યો છે. સ્ટીમહાઉસ ઇન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વિશાલ એસ.બુધિયાએ જણાવ્યું હતું કે, હરિયાણાના ઔદ્યોગિક વિસ્તારોમાં પર્યાવરણીય નિયમોનું પાલન કરીને કેન્દ્રીયકૃત સ્ટીમ સપ્લાયની તકોનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ મોડેલથી ઈંધણ વ્યવસ્થાપન, પ્રદૂષણ નિયંત્રણ અને ઔદ્યોગિક ઉત્સર્જનના મોનિટરિંગમાં કાર્યક્ષમતા વધારવાની સંભાવના છે.

સુરતની જેમ રાજ્યમાં અશાંતધારાની મિલકતોમાં આકારણીના નિયમો કરો

મનપાના પૂર્વ કમિટી ચેરમેન કેયુર ચપટવાળાની મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને રજૂઆત

સુરતઃ ગુજરાતમાં સામાજિક સમરસતા અને જાહેર શાંતિ જાળવવા માટે લાગુ કરાયેલા અશાંતધારા (ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ) હેઠળના વિસ્તારોમાં મિલકતોના આકારણી દફતરે નામફેરની પ્રક્રિયામાં કાયદાકીય છટકબારીઓ રોકવા માટે સુરત મનપાની જેમ રાજ્યવ્યાપી કડક માર્ગદર્શિકા જાહેર કરવાની માંગ ઉઠી છે.

સુરત મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર અને ડ્રેનેજ સમિતિના પૂર્વ ચેરમેન કેયુર ચપટવાળાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને લેખિત રજૂઆત કરી રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ માટે એકસમાન પરિપત્ર જાહેર કરવા વિનંતી કરી છે.

રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, અશાંતધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં મિલકતની કોઈપણ પ્રકારની તબદીલી માટે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે. પૂર્વ મંજૂરી વિના કરવામાં આવેલી મિલકત તબદીલી કાયદાકીય રીતે માન્ય ગણાતી નથી. તેમ છતાં, કેટલાક કિસ્સાઓમાં કાયદેસરની પ્રક્રિયા બાયપાસ કરીને માત્ર કબજારસીદ, ભાડા કરાર, લિવ એન્ડ લાયસન્સ કરાર, ગિરવે દસ્તાવેજો અથવા અન્ય નોટરી કરેલા કાગળોના આધારે આકારણી દફતરે નામફેર થઈ જવાની ગંભીર શક્યતાઓ રહેલી છે, જે કાયદાના મૂળ હેતુને નુકસાન પહોંચાડે છે.

VR મોલના બોનઝાઈ કેકેના સિઝલરમાં જીવાત મળી

મનપાના ફૂડ સેફ્ટી વિભાગે બોનઝાઈ કેકેમાં તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

સુરત:સુરતના ડુમસ રોડ પર આવેલા જાણીતા વી.આર. મોલના પ્રખ્યાત 'બોનઝાઈ કેકે' માં ગ્રાહકે મંગાવેલા સિઝલરમાંથી જીવાત નીકળતા ભારે હોબાળો મચી ગયો છે. ગ્રાહકે આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, એક પરિવાર વી.આર. મોલના બોનઝાઈ કેકેમાં જમવા ગયો હતો. તેમણે ઓર્ડર કરેલી પ્રખ્યાત વાનગી સિઝલર જ્યારે તેઓ અડધી ખાઈ ચૂક્યા હતા, ત્યારે અચાનક તેમાં મરેલી જીવાત નજરે પડી હતી. ગંદકી જોઈને ચોંકી ઉઠેલા ગ્રાહકે તાત્કાલિક હોટલના મેનેજરને બોલાવીને આ અંગે જવાબ માંગ્યો હતો. મેનેજરે પોતાની ભૂલ સ્વીકારી 'બાય મિસ્ટેક' થયું હોવાનું કહી માફી માંગી હતી,

આ બેદરકારીનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ સુરતના નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ફૂડ સેફ્ટી ઓફિસર ભાવેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, વાયરલ વિડીયોના આધારે આરોગ્ય વિભાગે બોનઝાઈ કેકેમાં હાઈજિન અને ફૂડ સેફ્ટીના માપદંડોની ચકાસણી કરવા માટે સ્થળ તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કટારીયા ઓટોના સેલ્સ મેનેજર દ્વારા રૂ.૨૭.૨૮ લાખની ઉચાપત

વોટ્સએપ પર બોગસ એપ્રુવલ ઓર્ડર બનાવી કંપનીને છેતરનાર મેનેજર ઝડપાયો

સુરતઃ સચિન-પલસાણા રોડ પર આવેલા નામાંકિત 'કટારીયા ઓટોમોબાઈલ્સ'ના કોમર્શિયલ વ્હીકલના શો-રૂમમાં કંપનીના જ સેલ્સ મેનેજરે ખોટા અને બનાવટી વોટ્સએપ એપ્રુવલ ઓર્ડર ઊભા કરીને કુલ રૂ.૨૭,૨૮,૪૭૫ની માતબર રકમની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે.

સચિન પલસાણા ત્રણ રસ્તા પાસે સાંઈ કોમ્પ્લેક્સમાં આવેલા કંપનીના શો-રૂમમાં આરોપી અંકુશ મહેશભાઈ ગોયલ (રહે., કૈલાશ રેસિડેન્સી, બોરાંદ, મૂળ ભીવાની, હરિયાણા) ૧૩ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજથી સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતો હતો. અંકુશ ગોયલે ગત જાન્યુઆરી-૨૦૨૬થી ૯ જૂન-૨૦૨૬ દરમિયાન કુલ ૪૨ ગ્રાહક પાસેથી ડાઉન પેમેન્ટ પેટે રોકડા રૂપિયા મેળવી લીધા હતા, પરંતુ આ રકમ કંપનીના ખાતામાં જમા કરાવ્યા નહોતા. જ્યારે કંપની દ્વારા બાકી નાણાંની ઉઘરાણી કરવામાં આવી ત્યારે આરોપીએ શો-રૂમના અન્ય સેલ્સ અધિકારીઓ અને બ્રોકરોના માથે દોષનો ટોપલોઢોળીને ગોળગોળ વાતો કરી હતી. તપાસ કરતાં આરોપી અંકુશે પોતાના મોબાઈલમાંથી જ બીજા મોબાઈલ પર વોટ્સએપ ચેટ કરીને ખોટા એપ્રુવલ મેસેજો બનાવી દીધા હતા.

આખરે કંપની દ્વારા સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આરોપી સેલ્સ મેનેજર અંકુશ ગોયલની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.